# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૪૫ | ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૯, મંગળવાર; મહા વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# પાક ધ્રૂજ્યુ : શાંતિની એક તક આપો

**ભારતની કાર્યવાહીથી ધ્રૂજ્યુ પાકિસ્તાન : પુલવામા હુમલા બાદ ભારતના પ્રહારથી પાકે.શાંતિનો રાગ આલાપ્યો : જો ભારત કાર્યવાહી કરવા યોગ્ય માહિતી અમને આપશે તો પાકિસ્તાન ચોક્કસ કાર્યવાહી કરશે : પીએમ ઇમરાન ખાન**



ન્યુ દિલ્હી,તા.૨૫

પુલવામા હુમલા બાદ ભારતના આકરા તેવરને લઈને ગભરાયેલા પાકિસ્તાને હવે શાંતિનો રાગ આલાપ્યો છે. પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને શાંતિ લાવવાની અપીલ કરી અને કહ્યું કે હું ખાતરી આપું છું કે જો ભારત પુલવામા હુમલાના પુરાવા આપશે તો અમે તુરંત કાર્યવાહી કરીશું. ખાને નિવેદનમાં કહ્યું કે વડાપ્રધાન મોદી એ 'શાંતિને એક તક' આપવી જોઈએ.

ઈમરાન ખાનનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે વડાપ્રધાન મોદીએ કહ્યું છે કે આતંકવાદ વિરુદ્ધ પૂરી દુનિયામાં સહમતિ છે. આતંકવાદના દોષિતોને દંડિત કરવાની દિશામાં અમે મજબૂતીથી આગળ વધી રહ્યાં છીએ. વડાપ્રધાન ચેતવણી ઉચ્ચારી છે કે આ વખતે હિસાબ થશે અને બરાબર થશે. આ બદલાયેલું ભારત છે, આ દર્દને સહન નહીં કરવામાં આવે. અમે જાણીએ છીએ કે આતંકવાદને કેવી રીતે કચડવાનો છે.

આ પહેલા પણ ઈમરાન ખાને કહ્યું હતું કે પાકિસ્તાન પુલવામા હુમલાના દોષિતો વિરુદ્ધ કાર્યવાહી કરશે. જો ભારત કાર્યવાહી કરવા યોગ્ય માહિતી અમને આપશે તો પાકિસ્તાન ચોક્કસ કાર્યવાહી કરશે પરંતુ ભારતે પાકિસ્તાનની પુરાવા રજૂ કરવાની વાતને બહાનું ગણાવી હતી. ઈમરાનનું કહેવું છે કે, મોદી સાથે ૨૦૧૫માં થયેલી બેઠકમાં બંને દેશોએ સાથે મળીને આતંકવાદને ખતમ કરવા માટે સહમતી કરી હતી. પરંતુ પુલવામા હુમલા પહેલાં સપ્ટેમ્બર ૨૦૧૮માં જ ભારતે પીછેહઠ કરી લીધી હતી.

## પાકિસ્તાન બહાનાબાજી છોડી કાર્યવાહી કરે: ભારત

ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું કે, પુલવામા મામલે પુરાવા મળતા કાર્યવાહી કરવાની વાત કરીને પાકિસ્તાન બહાનાબાજી કરે છે. જૈશ-એ-મોહમ્મદ અને તેનો મુખિયા મસૂદ અઝહર પાકિસ્તાનમાં જ છે. મુંબઈ પઠાણકોટ હુમલા પછી ભારતે પાકિસ્તાનને દરેક પુરાવા આપ્યા હતા પરંતુ પાકિસ્તાને કોઈ કાર્યવાહી કરી ન હતી.

## આતંકી હુમલા પાછળ જવાબદાર સામે પાકિસ્તાન કાર્યવાહી કરે

**યૂરોપિયન સંઘની પણ પાકિસ્તાનને ચેતવણી**

લંડન,તા.૨૫

કાશ્મીરના પુલવમા જિલ્લામાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તર પર પાકિસ્તાનને ઘેરવાની શરૂઆત કરી દીધી છે. જેની અસર હવે જોવા મળી રહી છે. આ અગાઉ આ હુમલાને લઈને અમેરિકા, ફ્રાન્સ, સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પાકિસ્તાનની નિંદા કરવામાં આવી છે, ત્યારે હાલમાં જ યૂરોપિયન સંઘ દ્વારા પણ પાકિસ્તાનને આડેહાથ લઈ લેવામાં આવ્યું છે.

પુલવામા જિલ્લામાં થયેલા આતંકવાદી હુમલાને લઈને યૂરોપિય સંઘ દ્વારા ચોખ્ખા શબ્દોમાં પાકિસ્તાનને સૂચના આપી દેવામાં આવી છે કે આ આંતકવાદી હુમલા પાછળ જવાબદાર લોકોને પકડીને તેમના વિરુદ્ધ પાકિસ્તાનની સરકાર કાર્યવાહી શરૂ કરે.

યૂરોપિયન સંઘની વિદેશી અને સુરક્ષાને લગતી નીતિઓ જોઈ રહેલા ઉચ્ચ પ્રતિનિધિ ફેડેરિકા મોગેરિનીએ ભારત અને પાકિસ્તાન વચ્ચે હુમલા બાદ જે તણાવ ઉત્પન્ન થયો છે તેને ઓછો

# દેશનું પ્રથમ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક રાષ્ટ્રને અર્પણ

**મોદી યાદ રહે કે ના રહે પણ સૈન્યની શૌર્યગાથા યાદ રહેવી જોઇએ : બોફોર્સ અને અન્ય કૌભાંડનો સંબંધ એક પરિવાર સાથે હતો જે ઘણું કહે છે : આપણા દેશની સેના દુનિયાની સૌથી શક્તિશાળી સેનાઓમાંની એક : સૈનિકો સાથે અન્યાય થયો : ૭૦ વર્ષથી મેમોરિયલની માગ કરવામાં આવતી હતી : મોદી**




ન્યુ દિલ્હી,તા.૨૫

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે દેશનું પ્રથમ રાષ્ટ્રીય યુદ્ધ સમારકનું લોકાર્પણ કર્યું છે. ભારત દેશ આઝાદ થયો ત્યારથી જ આ પ્રકારના સ્મારકની માગ ઉભી થઈ રહી હતી. જોકે હવે દેશની આ ઈચ્છઆ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નેતૃત્વ વાળી સરકારના રાજમાં પૂર્ણ થઈ છે. દિલ્હીના ઈન્ડિયા ગેટની સામે બનેલું આ સ્મારકમાં દેશમાં અત્યાર સુધીમાં થયેલા યુદ્ધમાં શહીદ થયેલા વીર જવાનોની યાદમાં બનાવવામાં આવ્યું છે.

આ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકનું ઉદ્ઘાટન કરવા માટે દેશના વડાપ્રધાન દિલ્હીના ઈન્ડિયા ગેટ પર પહોંચી ગયી છે. તેમની સાથે

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

**દેશના પાંચ એરપોર્ટનું સંચાલન અદાણી કરશે**

એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયાએ દેશના ૬ એરપોટર્સના અપગ્રેડેશન અને સંચાલન માટે મુકેલી બીડ્સ પૈકીની ૫ બીડ્સ અદાણી ગ્રુપને મળી છે. અમદાવાદ સહિત દેશના પાંચ એરપોટ્ર્સને ૫૦ વર્ષ માટે અદાણી ગ્રુપ અપગ્રેડ અને ઓપરેટ કરશે.

**મધ્યપ્રદેશમાં પણ સપા-બસપા સાથે**

ઉત્તરપ્રદેશ બાદ સમાજવાદી પાર્ટી અને બીએસપીએ બે વધુ રાજ્યોમાં કોંગ્રેસને ઝટકો આપ્યો છે. મધ્યપ્રદેશ અને ઉત્તરાખંડમાં પણ આ બંને પાર્ટીઓ સાથે મળીને ચૂંટણી લડશે. તેઓએ સીટોના ભાગ પણ પાડી લીધા છે.

**અસમ લઠ્ઠાકાંડનો મૃત્યુઆંક ૧૫૭ પર**

અસમમાં ઝેરી દારૂ-લઠ્ઠો પીવાથી મરવાવાળાની સંખ્યા ૧૫૭ પર પહોંચી ગઈ છે. આ મામલે પોલીસે હજુ સુધી ૨૦ વ્યક્તિઓની ધરપકડ કરી છે.

**દિલ્હીમાં કરા પડ્યા**

દિલ્હીના કેટલાક વિસ્તારોમાં વરસાદ અને કરાં પડ્યા છે. હજુ વાદળો ઘેરાયેલા છે. પ્રયાગરાજમાં પણ વાતાવરણમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. કેટલાક વિસ્તારોમાં તેજ આંધી સાથે વરસાદ થઈ શકે છે.

**પત્રકાર પ્રિયા રામાણીને જામીન**

દિલ્હીની એક કોર્ટે પૂર્વ કેન્દ્રિયમંત્રી એમ.જે. અકબર દ્વારા દાખલ કરાયેલ કેસમાં પત્રકાર પ્રિયા રામાણીને જામીન આપ્યા છે.

**ઈવીએમ આરટીઆઇ એક્ટના દાયરામાં**

સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશને (સીઆઈસી) જાહેર કરેલા નિર્ણય પ્રમાણે આરટીઆઈ એકટ હેઠળ કોઈ પણ અરજદાર રૂ. ૧૦ ચૂકવીને ઈવીએમ માહિતી મેળવી શકે છે. આરટીઆઈ હેઠળ ઈવીએમ 'ઈન્ફોર્મેશન' છે. ચૂંટણી પંચે ઈવીએમ ઈચ્છતા આરટીઆઈ અરજીનો પ્રતિસાદ આપવો પડશે.

# સોમનાથ પર આંતકી હુમલાનો ખતરો

**પરપ્રાંતીય બોટોના આંટાફેરા વધતા વેરાવળ માછીમાર બોટ એસોસીએશન દ્વારા તંત્રનું ધ્યાન દોરાયું : જવાબદારીને લઇ ઉદાસીનતા**

અમદાવાદ,તા.૨૫

પુલવામા આતંકી હુમલા બાદ હવે સોમનાથ મંદિર પર આતંકી હુમલાનું જોખમ વધ્યું છે. તાજેતરમાં મુખ્યમંત્રી રૂપાણીએ પણ ગુજરાત એલર્ટ પર હોવાનો સ્વીકાર કર્યો છે. આતંકી હુમલાના ખતરાને લઈ સોમનાથ મંદિરની સુરક્ષામાં નોંધનીય વધારો કરવામાં આવ્યો છે પરંતુ દરિયાઈ વિસ્તારમાં આતંકી પ્રવૃતિઓ સક્રીય થઈ હોવાના ઈનપૂટ મળ્યા છે. ખુદ વેરાવળ માછીમાર બોટ એસોસિયેશન દ્વારા આ અંગેની ગંભીર દહેશત વ્યકત કરતાં જણાવ્યું છે કે, આ દરિયાઈ પટ્ટાના વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી પરપ્રાંતીય બોટોના આંટાફેરા વધી ગયા છે, જેઓને અહીંના સ્થાનિક માછીમારો કે લોકો ઓળખતા પણ નથી તેમછતાં આવા તત્વો બિન્દાસ્ત રીતે આપણા દરિયાઈ વિસ્તારમાં બોટો લઈને આવનજાવન કરી રહ્યા છે. આ સમગ્ર મામલે સ્થાનિક સત્તાતંત્રનું ધ્યાન દોરાયું હોવાછતાં હજુ સુધી કોઈ પગલાં લેવાયા નથી. પોલીસ, સુરક્ષા એજન્સીઓ અને સ્થાનિક વહીવટી તંત્રની આ ગંભીર ઉદાસીનતા અને આંખ આડા કાન કરવાની નીતિને લઈ હવે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે ખાસ કરીને જો આંતકી હુમલા જેવી કોઈ ઘટના ઘટશે કે અન્ય કોઈ અનિચ્છનીય બનાવો બનશે તો તે માટે જવાબદાર કોણ તેવા સવાલો હવે તંત્ર માટે ઉઠી રહ્યા છે. પ્રમુખ તુલસી ગોહેલે સાથે વાત કરતા જણાવ્યું કે, દરિયાઈ વિસ્તારમાં પરપ્રાંતિય બોટોનાં ૨૪ કલાક આંટાફેરા વધી ગયા છે અને તેના લોકોને કોઈ ઓળખતું પણ નથી. આ સમગ્ર મામલે વેરાવળ માછીમાર બોટ એસોસિએશનના પ્રમુખ તુલસી ગોહેલે જણાવ્યું હતું કે, વેરાવળ બંદરમાં અજાણી બોટો ૨૪ કલાક આંટા મારી રહી છે, જેના માણસો અહીંના નથી. તેને કોઈ ઓળખતા નથી. તેમજ મચ્છી કે સામાન ઉતારવા જેવા આદાન પ્રદાન કરવા દરમિયાન કોઈ ચેક કરતું નથી. કોઈ એજન્સી પાસે તેનો રેકોર્ડ નહીં હોય. વેરાવળની ફિશિંગ બોટની ઈન-આઉટ વોઈસબુક મેઈન્ટેઈન થતી હોય છે. ફિશિંગમાં જાય એટલે જવાની અને આવવાની તારીખ લખવાની હોય છે. જેને મરિન પોલીસ તપાસ કરે કે કેટલા દિવસ મોડા કે વહેલાં



● અનુસંધાન પાન-૭ પર

## રોબર્ટ વાડ્રાને ઈડી સમક્ષ પુછપરછ માટે જવું જ પડશે

**પુછપરછ પર પ્રતિબંધની માંગણીને ફગાવી દેવાઈ**

નવી દિલ્હી, તા. ૨૫

દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટ તરફથી આજે સવારે રોબર્ટ વાઢેરાને મળેલી આંશિક રાહત બપોર સુધીમાં ફરી નિરાશામાં ફેરવાઈ ગઈ હતી. કારણ કે, કોર્ટે ઈડીને પુછપરછ પર પ્રતિબંધ મુકવા માટેની દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. કોર્ટે કહ્યું છે કે, રોબર્ટ વાઢેરાને તપાસમાં સહકાર આપવાની જરૂર છે. ઈડી સમક્ષ ઉપસ્થિત થવા રોબર્ટ વાઢેરાને સૂચના આપી દેવામાં આવી છે. રોબર્ટ વાઢેરાનો હાલમાં લાંબી પુછપરછનો સિલસિલો ચાલી રહ્યો છે. મની લોન્ડરિંગ મારફતે લંડન અને દુબઈમાં સંપત્તિ ખરીદવાની સાથે સાથે વાઢેરા ઉપર રાજસ્થાનમાં જમીન કૌભાંડનો પણ આક્ષેપ થયેલો છે. આ તમામ મામલા પર ઈડી દ્વારા અનેક વખત પુછપરછ કરવામાં આવી ચુકી છે. બીજી બાજુ વાઢેરાએ ફેસબુક પર ખુબ સક્રિય રહીને પોતાના ઉપર મુકવામાં આવેલા તમામ આક્ષેપોને રદિયો આપ્યો છે. સાથે સાથે ભવિષ્યમાં રાજનીતિમાં એન્ટ્રી કરવાનો પણ સંકેત આપ્યો છે. સપ્તાહની શરૂઆતમાં જ વાઢેરા જે રાહતની આશા રાખી રહ્યા હતા તે આશા સફળ રહી ન હતી. ઈડીની સમક્ષ સતત હાજરી આપવી પડશે.

વાઢેરાએ પોતાના ફેસબુક પોસ્ટ મારફતે પોતાને નિર્દોષ તરીકે ગણાવીને અનેક પોસ્ટ લખ્યા છે. કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં પુછપરછ પર પ્રતિબંધ મુકવાની વાઢેરાએ માંગ કરી હતી પરંતુ કોર્ટમાંથી કોઈ રાહત મળી શકી નથી. બીજી બાજુ પ્રિયંકા વાઢેરા રાજકારણમાં પ્રવેશી ગયા બાદ પતિ રોબર્ટ વાઢેરાએ પણ રાજનીતિમાં આવવાનો સંકેત આપ્યો છે અને કહ્યું છે કે, યોગ્ય સમયે આ અંગે નિર્ણય કરવામાં આવશે. રાજનીતિમાં આવવા માટે ઉતાવળમાં કોઈ નિર્ણય કરશે નહીં. વાઢેરાએ રવિવારના દિવસે એક ફેસબુક પોસ્ટમાં રાજનીતિમાં આવવાના સંકેત આપ્યા હતા અને કહ્યું હતું કે, તેઓ લોકોની સેવા માટે વધારે મોટી ભૂમિકા માટે વિચારી રહ્યા છે.

## કલમ ઉપએ સાથે ચેડા થશે તો પરિસ્થિતિ વધુ વણસશે

**ઉંમર અબ્દુલ્લાએ કેન્દ્ર સરકારને ચેતવણી આપી : કેન્દ્ર સરકાર જમ્મુ કાશ્મીરમાં ચૂંટણી પર જ ધ્યાન આપે**



નવીદિલ્હી, તા. ૨૫

કાશ્મીરને જમીન અને સ્થાયી આવાસ પર ખાસ દરજ્જો આપનાર કલમ ઉપએને ખતમ કરવાની ચાલી રહેલી અટકળો વચ્ચે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફરન્સના નેતા ઉંમર અબ્દુલ્લાએ આજે કેન્દ્ર સરકારને સ્પષ્ટ ચેતવણી આપી હતી. ઉંમર અબ્દુલ્લાએ આજે કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર આવો નિર્ણય કરે છે તો ચીનમાં અરુણાચલ કરતા પણ વધારે ખરાબ સ્થિતિ સર્જાશે. તેમણે કહ્યું હતું કે, કેન્દ્ર સરકારને જમ્મુ કાશ્મીરમાં ચૂંટણી કરાવવા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ઉપએનો મામલો હવે સુપ્રીમ કોર્ટમાં છે અને આ સપ્તાહમાં જ સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. ઉંમર અબ્દુલ્લાએ કહ્યું છે કે, કેન્દ્ર સરકાર અને ગવર્નરની જવાબદારી પ્રદેશમાં ચૂંટણી કરાવવા માટેની છે જેથી ચૂંટણી પર જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તે જરૂરી છે. લોકોને નિર્ણય કરવાની છુટછાટ આપવામાં આવે તે જરૂરી છે. નવી સરકાર પોતે જ કલમ ઉપએને સુરક્ષિત બનાવવાની દિશામાં

● અનુસંધાન પાન-૭ પર

## ટ્રમ્પ સાથે શિખર વાટાઘાટો કરવા કિમ જોંગ રવાના થયા

**કિમ જોંગ ગુરૂવારે મંત્રણા સ્થળ હનોઇ પહોંચશે : ઉત્તર કોરિયન પ્રમુખ કિમ જોંગ હમેંશા સુરક્ષા કારણોસર ખાસ હથિયાર સાથે સજ્જ ટ્રેન મારફતે મુસાફરી કરે છે**

ડેનડોંગ,તા. ૨૫

ઉત્તર કોરિયાના પ્રમુખ કિમ જોંગ ઉન અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સાથે તેમની બીજી શિખર બેઠક યોજવા માટે આજે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે તેમની ખાસ હથિયારો સાથે સજ્જ ટ્રેન મારફતે હનોઈ જવા રવાના થયા હતા. ટ્રમ્પ અને કિમ જોંગ વચ્ચે થનારી આ વાતચીત પર દુનિયાની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ઉત્તર કોરિયાના પરમાણુ હથિયારોને ધ્યાનમાં લઈને પણ આ વાતચીત ઉપયોગી દેખાઈ રહી છે. વિયનામના પાટનગર હનોઈ સુધીની યાત્રા કિમ પોતાના ખાસ લોકોની સાથે ટ્રેન મારફતે કરી રહ્યા છે. ૨૭૦૦ કિલોમીટરની આ યાત્રા વેળા તેમની ટ્રેન ચીન થઈને પણ પસાર થનાર છે. ચીનથી વિયતનામ સુધીની યાત્રા પૂર્ણ કરવામાં તેમને બે દિવસથી વધુનો સમય લાગી શકે છે. મિડિયા રિપોર્ટ મુજબ કિંમ ગુરૂવારે મંત્રણાના સ્થળ હનોઈ પહોચશે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉનની વચ્ચે ૨૭-૨૮મી ફેબ્રુઆરીના દિવસે બેઠક યોજાનાર છે. આને કવર કરવા માટે ઓછામાં ઓછા ૨૬૦૦ વિદેશી પત્રકારો નોંધણી કરાવી ચુક્યા છે.

વિયેતનામના એક મંત્રી દ્વારા આજે આ અંગેની જાહેરાત કરી હતી. વિયેતનામ આ બાબતને લઈને ચિંતિત છે કે, એમનો વાતચીત કરવા માટે ઓછો સમય મળ્યો છે. વિયેતનામના નાયબ વિદેશમંત્રીએ કહ્યું છે કે, ટ્રમ્પ દ્વારા વિયેતનામના પાટનગર હનોઈને શિખર બેઠકના સ્થળ તરીકે જાહેર કર્યા બાદ આ સ્થળને મંજુરી મળવા માટે ૨૦ દિવસનો ગાળો રહ્યો છે. અગાઉ અમેરિકા અને ઉત્તર કોરિયા ઉપરની બેઠક સિંગાપોરમાં યોજાઈ હતી.


છટાદાર ભાષણ કરતાં શીખો

શ્રેષ્ઠ વક્તા બનો

એંકર બનો From :FRIDAY. 1-3-19

Ramesh Shah 92270 92274

દરેક ઉંમરના ભાઈ બહેનો માટે અમદાવાદ

સિધ્ધાર્થ સ્પીકર્સ એકેડેમી Income tax

STAND OUT FROM THE CROWD

કપલ / ફેમીલી / LTC / AIR પ્રવાસો

| | |
|---|---|
| લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ | આંદામાન-હેવલોક આઇલેન્ડ |
| ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ | કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી |
| ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા | બદ્રી-કેદાર-ગંગોત્રી-યમુનોત્રી |
| સિમલા-મનાલી ડેલહાઉસી અમૃતસર | નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર |
| કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ | પવિત્ર કૈલાસ માનસરોવર યાત્રા |
| બેંગ્લોર-મૈસુર સહ દક્ષિણ ભારત | મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી |

By Helicopter કૈલાસ માનસરોવર તથા ચારધામ

નૂતન ટ્રાવેલ્સ કરીશ્મા,સ્ટેડીયમ સર્કલ સી.જી.રોડ,અમદાવાદ Ph.26562322/24/25

M.:9427455274/9724303375/9898023955

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225